# જાહેર આરોગ્ય અંગેની યોજનાઓ

## 'મા' અને 'મા વાત્સલ્ય'
## 'આયુષ્યમાન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય' યોજના

### લાભ કોને મળે

- મા યોજના રાજયના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારના (નગરપાલિકા વિસ્તાર, મહાનગરપાલિકા વિસ્તાર અને નોટીફાઇડ એરિયા) ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબ (મહત્તમ ૫ વ્યક્તિ સુધી) ને લાગુ પાડવામાં આવી છે.
- મા વાત્સલ્ય યોજના અંતર્ગત વાર્ષિક રૂા. ૪ લાખથી ઓછી આવક અને સિનીયર સિટીઝન માટે રૂા.૬ લાખથી ઓછી આવક ધરાવતા પરિવારના મહત્તમ ૫ સભ્યોને લાભ મળી શકે.
- આયુષ્યમાન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ સામાજિક, આર્થિક અને જાતિ આધારિત સર્વેક્ષણ ૨૦૧૧ અંતર્ગત નોંધાયેલ ગ્રામ્ય અને શહેરી વિભાગનાનો સમાવેશ. કુટુંબની વ્યાખ્યામાં કોઇપણ મર્યાદા વગર તમામ સભ્યોને લાભ મળશે.

### લાભ ક્યાંથી મળે

- આ યોજના હેઠળ સરકારી તેમજ નોંધાયેલ ખાનગી હોસ્પિટલોમાં સંબંધિત સેવાઓ ઉપલબ્ધ હોય તેવી સંસ્થાઓ.

### યોજનાનો લાભ મેળવવા માટેની પદ્ધતિ

- સૌ પ્રથમ લાભાર્થીનું નામ અને તેમના કુટુંબના સભ્યોના નામ નિયત માપદંડો ધરાવતા સામાજિક, આર્થિક અને જાતિ આધારિત સર્વેક્ષણ ૨૦૧૧ ની યાદીમાં હોવું જરૂરી છે.
- લાભાર્થીએ પોતાના આધાર કાર્ડ, ઈ-કાર્ડ, 'મા' અથવા 'મા વાત્સલ્ય' કાર્ડમાંથી કોઇપણ એક કાર્ડ અને પોતાનું રાશન કાર્ડ સી.એચ.સી. તેમજ યોજના સાથે સંકળાયેલ હોસ્પિટલે લઇ જવાનું રહેશે.
- હોસ્પિટલ કક્ષાએ પ્રધાનમંત્રી આરોગ્યમિત્રને ઉક્ત દસ્તાવેજ બતાવવાના રહેશે.
- લાભાર્થી દ્વારા રજૂ કરેલ દસ્તાવેજોના આધારે પ્રધાનમંત્રી આરોગ્યમિત્ર સંપૂર્ણ ઓળખની ઓનલાઇન ખરાઇ મેળવશે અને ત્યારબાદ ઈ-કાર્ડ આપશે.
- ખરાઇ થયા પછી લાભાર્થી યોજના સાથે જોડાયેલ હોસ્પિટલોમાં વિનામૂલ્યે સારવાર મેળવી શકશે.

### યોજના અંતર્ગત સહાય/લાભ

- વાર્ષિક રૂા.૫ લાખ સુધીની સારવાર યોજના હેઠળ નોંધાયેલ સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોમાં મફત સારવાર આરોગ્ય વીમા કવચ.
- યોજના હેઠળ પ્રાથમિક, સેકન્ડરી અને ગંભીર બિમારીઓ જેમ કે આંખના રોગો, કાન, નાક અને ગળાના રોગો, સ્ત્રી રોગ, માનસિક રોગો, હૃદયના રોગો, કીડનીના રોગો, મગજના રોગો, ગંભીર ઈજાઓ, નવજાત શિશુઓને લગતા ગંભીર રોગો, કેન્સર, ઘૂંટણ અને થાપાના રિપ્લેસમેન્ટ, કિડની અને લિવરના ટ્રાન્સપ્લાન્ટેશન વગેરે માટે રૂા.૫ લાખ સુધીની વિનામૂલ્યે સારવાર આપવામાં આવે છે.